# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

---

- **રાજ્યભરમાં મેઘો મૂશળધાર – મોસમનો 55 ટકા જેટલો વરસાદ નોંધાયો – ખેડૂતોમાં ખુશીની લહેર – આજે પણ ભારે વરસાદની આગાહી**
- **સરદાર સરોવર સહિતના રાજ્યના જળાશયોમાં નવા નીરની આવક – 53 જળાશયો હાઇ એલર્ટ પર**
- **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવતીકાલે સ્વ-સહાય જૂથની મહિલાઓ સાથે કરશે સંવાદ - સખી મંડળની બહેનોએ ત્રણ મહિનામાં લિંબોળી એકત્ર કરી 4 કરોડની આવક મેળવી.**
- રાજ્ય સરકાર સંચાલિત 30 હજારથી વધુ શાળામાં ત્રીજી ઑગસ્ટે કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરાશે
- કઝાકિસ્તાનમાં યોજાયેલી “વર્લ્ડ સ્ટ્રેન્થ લિફ્ટિંગ ચેમ્પિયનશીપ”માં કોન્સ્ટેબલ રેખા વસાવાને સુવર્ણ ચંદ્રક જીતવા બદલ મુખ્યમંત્રીએ અભિનંદન પાઠવ્યા

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# WEATHER FORCAST

રાજ્યના હવામાન વિભાગે આજે દક્ષિણ તેમજ મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, જામનગર, જૂનાગઢ સહિતનાં સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

અમદાવાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, સહિતનાં જિલ્લામાં આજે હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે, તેમજ પવનની ગતિ 30 થી 40 કિલોમીટર પ્રતિકલાક રહેવાની શક્યતાં છે.

ગઈકાલે રાજ્યના 204 તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો હતો. સત્તાવાર આંકડા મુજબ, સૌથી વધુ સવા 6 ઈંચ વરસાદ સાબરકાંઠાના પ્રાન્તિજમાં વર્સ્યો હતો. જ્યારે મહેસાણાના વિસનગરમાં 6, મહેસાણા તાલુકામાં સાડા 5, વિજાપુરમાં 5, મહીસાગરના લુણાવાડા અને બનાસકાંઠાના વડગામમાં 5—5 ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે 82 તાલુકા એવા છે, જ્યાં એકથી ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં અત્યારસુધીમાં મોસમના સરેરાશ 55.93 ટકા વરસાદ નોંધાયો છે. આમાંથી સૌથી વધારે 75.69 ટકા કચ્છમાં નોંધાયો. જ્યારે સૌથી ઓછો 30.12 ટકા ઉત્તર ગુજરાતમાં વરસાદ વરસ્યો છે.

પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, જિલ્લામાં ગઈકાલે છેવાડાના સાંતલપુર તાલુકામાં 2 ઈંચ વરસાદ વર્સ્યો હતો. અન્ય તાલુકા વિસ્તારોમાં પણ મેઘમહેર થતાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી છે.

નવસારીના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે, વાંસદાનો કેલિયા ડેમ 100 ટકા ભરાતા ડેમ ઓવરફ્લો થઈ ગયો છે. તેને ધ્યાનમાં રાખી ચીખલી તાલુકાના કાકડવેલ, માંડવખડક, વેલણપુર, ગોડમાળ, કણભઈ, સિયાદા,

મોગરાવાડી, આમધરાં, ઘેજ, મલિયાધરાં, સોલધરા, પીપલગભાણ , પોલાર , કલિયારી , વલવાડા , તેજલાવ, ખેરગામ તાલુકાના વાડ, ગણદેવી તાલુકાના ઊંડાચ, ગોયંદી, વાઘરેચ, ખાપરવાડા, અને દેસરાં ગામને હાઈ-અલર્ટ જાહેર કરાયા હતા. તેમ જ ડેમ વિસ્તારની નદીના પટમાં ન જવા લોકોને સૂચના આપવામાં આવી છે.

અરવલ્લી જિલ્લામાં ગઈકાલે સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. અહીં મોડાસા અને મેઘરજ તાલુકામાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ફરી વળ્યા હતા. દધાલિયા અને સરડોઈ ગામમાં ડુંગરના પાણી ઉતરતા રોડ પર નદીઓ વહી હતી. વરસાદના કારણે ખેડૂતોમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી.

દાહેદનો માછણનાળા ડેમમાં 70 ટકા પાણીની આવક થઈ છે. હજી પણ પાણીની આવક વધવાની હોવાથી ઝાલોદ તાલુકાના ભાનપુર, ચિત્રોડિયા, ધાવડીયા, મહુડી, માંડલીખુટા, મુનખોસલા અને થેરકા એમ મળી સાત ગામને અલર્ટ કરાયા હોવાનું મામલતદાર ડિઝાસ્ટરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

-----------------------------------------------------------------

- (હિન્દુસ્થાન સમાચાર – પ્રવેશ)

(પીટીસી – પાટણ – નવસારી – અખબારી યાદી – ડેસ્ક - પ્રવેશ)

-(NAVIN)

# State reservoirs

રાજ્યમાં વરસી રહેલા ભારે વરસાદના પરિણામે 52 જળાશયો સંપૂર્ણ છલકાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ ઉપરાંત સાત જળાશયો 90 ટકાથી 100 ટકા ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવરમાં કુલ સંગ્રહ શક્તિના 53.37 ટકા જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે આ સિવાય રાજ્યના અન્ય 206 જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના 47.19 ટકા જળસંગ્રહ થયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

ગઇકાલના અહેવાલ મુજબ રાજ્યમાં ભારે વરસાદના પરિણામે સરદાર સરોવર યોજનામાં 23,486 ક્યુસેક, ઉકાઈમાં 36,307 ક્યુસેક, દમણગંગામાં 7,018 ક્યુસેક, કડાણામાં 6,674 ક્યુસેક, પાનમમાં 6,648 ક્યુસેક અને હડફમાં 5500 ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. આ સિવાય રાજ્યના 30 ડેમ 70 ટકાથી 100 ટકા ભરાતા એલર્ટ અપાયું છે. આ ઉપરાંત સરદાર સરોવર સહિત 28 ડેમ 50થી 70 ટકા ભરાતા ચેતવણી આપવામાં આવી છે, જ્યારે 36 ડેમ 25થી 50 ટકા ભરાયા છે.

આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના 13 જળાશયોમાં 53.29 ટકા, સૌરાષ્ટ્રના 141માં 50.88 ટકા, કચ્છના 20માં 49.92 ટકા, મધ્ય ગુજરાતના 17માં 37.29 ટકા તથા ઉત્તર ગુજરાતના 15 જળાશયોમાં 26.49 ટકા પાણીનો સંગ્રહ થયો છે તેમ જળ સંપત્તિ વિભાગની યાદીમાં વધુમાં જણાવ્યું છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરે ભયનજક જળાશયોમાં કોઈપણ વ્યક્તિઓ/પ્રવાસીઓએ નહાવા તથા ભારે ભીડ થવા પર પ્રતિબંધ જાહેર કરયો છે. જે તા. ૩૧ ઓગસ્ટ સુધી અમલમાં રહેશે.

---

- યાદી/રૂપલ -(NAVIN)

# CM SWASAHAY JUTH SAMVAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે ગાંધીનગર ખાતે સ્વસહાય જૂથની મહિલાઓ સાથે "સખી સંવાદ કાર્યક્રમ"માં ઉપસ્થિત રહેશે. રાજ્યમાં વર્ષ 2010માં શરૂ કરાયેલા મિશન મંગલમ્ બાદ અત્યાર સુધીમાં રાજ્યના 28 જિલ્લામાં તાલીમ સંસ્થાઓ દ્વારા 3 લાખ 13 હજારથી વધુ મહિલાઓને આત્મનિર્ભર બનવા માટે વિવિધ વ્યવસાયમાં તાલીમ આપવામાં આવી છે. આ તાલીમના કારણે મહિલાઓ અને તેમના પરિવારની આર્થિક સ્થિતિ સુધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં હાલમાં 2 લાખ 79 હજારથી વધુ સ્વ સહાય જૂથમાં 27 લાખથી વધુ પરિવાર સામેલ છે. વર્ષ 2021-22માં રાજ્યની 8 હજાર 500 મહિલાએ માત્ર ત્રણ મહિનામાં 5 હજાર મેટ્રિક ટન લિંબોળી એકત્ર કરીને 4 કરોડ રૂપિયાની આવક મેળવી છે.

કુપોષણને દૂર કરવા તેમ જ મહિલાઓ માટે આવકના સ્ત્રોત વધારવાના હેતુથી એગ્રી ન્યૂટ્રી ગાર્ડનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જેમાં સ્વસહાય જૂથને ઉત્તમ ગુણવત્તાના બીજ આપીને ન્યૂટ્રી ગાર્ડન બનાવવા માટે મદદ કરવામાં આવે છે.

---

-(હિન્દુસ્થાન સમાચાર – પ્રવેશ)

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# SCHOOL BAL MELA

રાજ્ય સરકાર સંચાલિત 30 હજારથી વધુ શાળામાં ત્રીજી ઑગસ્ટે કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરાશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ને અનુલક્ષી G.C.E.R.T. દ્વારા વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યનો વિકાસ થાય તે માટે દર વર્ષે ધોરણ 1થી 5ના વિદ્યાર્થીઓ માટે બાળમેળા, જ્યારે ધોરણ 6થી 8ના વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરવામાં આવે છે.

બાળમેળા અને જીવન કૌશલ્ય આધારિત બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ બાળવાર્તા, માટીકામ, રંગપૂરણી, હસ્તકલાની કામગીરી, ચીટકકામ, કાગળકામ, ગળીકામ, બાળવાર્તા આધારિત નાટક, વિવિધ જીવન કૌશલ્ય વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ અને રમતોના માધ્યમથી વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

---------------------------------------------------------------------

-(હિન્દુસ્થાન સમાચાર / પ્રવેશ)

-(NAVIN)

# Special Train - Amdaavad -Okha

જન્માષ્ટમીના  તહેવારને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ અને ઓખા વચ્ચે વિશેષ  ટ્રેન  દોડાવવામાં આવશે.

આ ટ્રેન ચાંદલોડિયા, વિરમગામ, સુરેન્દ્રનગર, થાન, વાંકાનેર, રાજકોટ, હાપા, જામનગર, ખંભાળીયા અને દ્વારકા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનનું બૂકિંગ આવતીકાલથી IRCTC ની વેબસાઇટ પર શરૂ થશે.

વધુ વિગત આપે છે, અમદાવાદ રેલવે મંડળના વરિષ્ઠ જનસંપર્ક અધિકારી જીતેન્દ્ર કુમાર જયંત........

(બાઈટ - જીતેન્દ્ર કુમાર જયંત, વરિષ્ઠ જનસંપર્ક અધિકારી, પશ્ચિમ રેલવે અમદાવાદ)

---

- PTC-RAJKOT-JAYDEEP PANDYA, RITA DAVE, SONAL

-(NAVIN)

# LIFTING GOLD MEDAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કઝાકિસ્તાનમાં 18મી જુલાઈએ યોજાયેલી “વર્લ્ડ સ્ટ્રેન્થ લિફ્ટિંગ ચેમ્પિયનશીપ”માં સુવર્ણ ચંદ્રક જીતવા બદલ ખેલાડી રેખાબેન વસાવાને અભિનંદન પાઠવ્યા છે. મુખ્યમંત્રીએ સામાજિક માધ્યમના એક સંદેશમાં કહ્યું કે, સુરતના વતની અને હાલ સુરત ખાતે કૉન્સ્ટેબલ તરીકે ફરજ બજાવી રહેલાં 42 વર્ષીય રેખાબેન વસાવાએ સુવર્ણ ચંદ્રક જીતી રાજ્ય સહિત દેશનું ગૌરવ વધાર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું, વૈશ્વિક સ્તરે સિદ્ધિ પ્રાપ્ત કરનારાં રેખાબેન વસાવાએ નારીશક્તિના સામર્થ્યનું ઉત્તમ દ્રષ્ટાંત પૂરું પડ્યું છે. નારીશક્તિને વધુ સફળ અને સામર્થ્યવાન બનાવવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

---------------------------------------------------------------------

- CMO GUJARAT TWEET – PRAVESH.

-(NAVIN)

# DAHOD – ULLAS MELO

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં કેબિનેટ મંત્રી ડૉ. કુબેર ડિંડોરના અધ્યક્ષ સ્થાને રાજ્યકક્ષાનો 'ઉલ્લાસ મેળો' કાર્યક્રમ યોજાયો. બિનસાક્ષરોને સાક્ષર કરી સમાજમાં શિક્ષણનું મહાદાન આપવાના સરકારના પ્રયાસ સ્વરૂપે 'ઉલ્લાસ મેળા નું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગે તેમણે જણાવ્યુ કે સમાજના વિકાસનો મૂળ પાયો શિક્ષણ છે, જો પાયો જ મજબૂત હશે તો સમાજનો વિકાસ નિશ્ચિત છે અને આ માટે આપણે સૌએ જાગ્રત થઈ સમાજને સમાજને શિક્ષિત બનાવીને આગળ લાવીએ.

આ પ્રસંગે જી. સી. આર. ટી. ના નાયબ નિયામક દ્વારા શિક્ષણ માટેની મોબાઈલ એપ “દીક્ષા” અને “ઉલ્લાસ” અંગેની માહિતી પૂરી પાડવામાં આવી હતી.

---

- PTC-DAHOD-PREM KADIA, RITA DAVE,, SONAL

-(NAVIN)

# Patan- Hepatitis Day

દર વર્ષે 28 જુલાઈને વિશ્વ હિપેટાઇટિસ ડે તરીકે ઉજવવામાં આવે છે તે અંતર્ગત પાટણ જિલ્લામાં વિશ્વ હિપેટાઇટિસ દિવસ નિમિતે નેશનલ વાયરલ હિપેટાઇટિસ કંટ્રોલ પ્રોગ્રામ (NVHCP) અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. હિપેટાઇટિસ એટલે કે ઝેરી કમળાના રોગ વિશે તેના લક્ષણો, તેનું નિદાન સારવાર તેમજ તે અંગે લોકજાગૃતિ ઊભી કરવા અને તેને અટકાવવાના ઉપાયના ભાગરૂપે કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

આ નિમિત્તે રક્ત પરિક્ષણ અને વેક્સિનેશન પ્રોગ્રામ જિલ્લામાં મેડિકલ કોલેજના કિડની ડાયાલિસિસ સેન્ટર, ગાયનેક વિભાગ, બ્લડ બેંક, એ.આર.ટી. સેન્ટરના દર્દીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------

- રમેશ સોલંકી પાટણ/ptc /રૂપલ

-(NAVIN)

# GTU LOK NRUTYA

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અર્થે લોકનૃત્ય તાલીમ શિબિરનું આયોજન કરાયું હતું.

વિદ્યાર્થીઓના વિકાસ માટે હાથ ધરાતા વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે તાજેતરમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળના કેમ્પસમાં તાલીમ શિબિર યોજાઈ હતી. જેમાં 30 કોલેજના 41 વિદ્યાર્થીઓને ગરબા, ગિરનારી રાસ, સહિત વિવિધ પ્રકારના લોકનૃત્યોની તાલીમ અપાઈ હતી.

આ શિબિરના સમાપન પ્રસંગે યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. કે. એન. ખેર દ્વારા વિદ્યાર્થીઓના પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------

-યાદી, રૂપલ -(NAVIN)

# RAJKOT COLLECTOR BETHAK

રાજકોટ જિલ્લા કલેક્ટર અને લોકમેળા સંકલન સમિતિના અધ્યક્ષ પ્રભવ જોષીની અધ્યક્ષતામાં  જન્માષ્ટમી લોકમેળાના આયોજન અંગે આજે સમીક્ષા બેઠક યોજાશે. બેઠકમાં લોકમેળાનું સુવ્યવસ્થિત આયોજન કરવા અંગે ચર્ચા-વિચારણા કરાશે.

આ બેઠકમાં લોકમેળા અમલીકરણ સમિતિના તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા શહેર-1 પ્રાન્ત કચેરીની યાદીમાં જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જન્માષ્ટમી લોકમેળાનું આયોજન આગામી 24થી 28 ઑગસ્ટ દરમિયાન કરાશે.

---

- YADI – PRAVESH.

-(NAVIN)